# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૩૮/ તા. ૧૬-૭-૧૬**

**ફકત મ્યુનિ. શાળાઓ માટે :-**

આથી દરેક મ્યુનિ.શાળાઓનાં મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા તા.૧૧-૭-૧૬ થી ૨૩-૭-૧૬ સુધી ઇન્ટેસીફાઇડ ડાયરીયા કંટ્રોલ ફોર્ટનાઇટ ઉજવવાની સૂચના મળેલ છે. તે અંતર્ગત હેન્ડવોશની યોગ્ય જાણકારી તેની અગત્યતતા તેમજ તેની પધ્ધતિ યોગ્ય રીતે સમજાવી શકાય તે હેતુથી રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (આર.બી.એસ.કે) અંતર્ગત મેડીકલ ઓફિસર દ્વારા દરેક શાળાના બાળકોને આ બાબતનું પ્રેક્ટીકલ માર્ગદર્શન આપવામાં આવશે. આવનાર હેલ્થના અધિકારીને પૂરતો સાથ સહકાર સહયોગ આપવાનો રહેશે.

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**પરિપત્ર નં.૩૯/ તા. ૧૬-૭-૧૬**

**ફકત મ્યુનિ. શાળાઓ માટે :-**

આથી દરેક શાળાનાં મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ભારત સરકારના માનવસંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશનની કામગીરીને વેગ આપવા માટે દરેક શાળામાં એક અથવા વધારે બાળકોની સ્વચ્છતા સંબંધી જવાબદારી સોંપવી, ગામ / સમાજમાં સ્વચ્છતાનો સંદેશો પહોંચે તે મુજબની પ્રવૃત્તિઓ કરવાની રહેશે.

**સ્વચ્છતા દૂતની કામગીરી તેમજ જવાબદારી નીચે જણાવ્યા મુજબની રહેશે.**

- ➪ શાળામાં પીવાના સ્વચ્છ પાણીની ઉપલબ્ધી ચકાસવી.
- ➪ પીવાના પાણીની સંગ્રહ વ્યવસ્થા તેમજ તેની આજુબાજુની જગ્યા ચોખ્ખી રાખવામાં આવેલ છે કે કેમ? તે ચકાસવું તેમજ પીવાના પાણીનો બગાડ ન થાય તેની તકેદારી રાખવી.
- ➪ શાળાના વર્ગખંડ, રમતનું મેદાન, મધ્યાહન ભોજનનું રસોડુ, સ્ટેરરૂમ, ટોયલેટ વિગેરેની સ્વચ્છતા રાખવી તેમજ દરેક જગ્યાએ ડસ્ટબીનની વ્યવસ્થા કરવી.
- ➪ જમતા પહેલાં અને શૌચક્રિયા પછી હાથ ધોવા માટેના સાબુની વ્યવસ્થા ચકાસવી તેમજ શૌચાલયની સફાઇ માટેના પૂરતા સાધનો છે કે કેમ? તેની ચકાસણી કરવી.
- ➪ સ્વચ્છતા સંકુલ (ટોયલેટ) - કાર્યરત તેમજ સુલભ છે કે કેમ? તેની ચકાસણી કરવી.
- ➪ બાળકો શાળાની મિલ્કત- જેમ કે, મકાન, ફર્નિચર તથા અન્ય સાધનોને નૂકસાન ન પહોંચાડે તેની તકેદારી રાખવી.

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

નોંધ :- શાળાઓમાં સફાઇ કરનાર કર્મચારી ને સફાઇ સાધનગ્રાન્ટમાંથી સફાઇના સાધનો પૂરતાં પ્રમાણમાં અપાય તેની ખાસ તકેદારી દરેક આચાર્યશ્રીએ રાખવી.